પ્રાથમિક શિક્ષકોની બદલીઓ
અંગેની સૂચનાઓ

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૮-૦૧-૨૦૦૯

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૪-૬-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧-ક.
(૨) શિક્ષણ વિભાગનો તા.૩૦-૬-૨૦૦૫નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧-ક.
(૩) શિક્ષણ વિભાગનો તા.૧-૪-૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧-ક.
(૪) વિદ્યા સહાયકોની નિમણૂંક/સ્થળ પસંદગી અંગે આદર્શ કેમ્પના આયોજન અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ સામાન્ય સુચનાઓ.
(૫) સ્પે.સી.એ.નં. ૧૧૬૫૨/૦૮માં નામ. હાઇકોર્ટનો તા.૧૮-૧૧-૦૮નો ઓરલ ઓર્ડર.
(૬) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની તા.૧૧-૧૨-૨૦૦૮ના પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/નીતી/ ક/ ૦૮/૭૯૭૪ અન્વયે મળેલ દરખાસ્ત.

**સુ ધા રો :-**

રાજયમાં જિલ્લા/પંચાયત હસ્તકની જિલ્લા શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓના શિક્ષકો/ વિદ્યાસહાયકોની બદલીઓ અંગેની કાર્યપધ્ધતિ સંદર્ભ ક્રમાંક (૧)માં જણાવેલ ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઇઓમાં ક્રમાંક (૨) તથા (૩) માં જણાવેલ ઠરાવો તથા અન્ય ઠરાવોથી ઉત્તરોત્તર સુધારા કરવામાં આવેલ છે.

૨. વાલ્મીકી સમાજના શિક્ષકો/વિદ્યાસહાયકોને ઘણી વખત બદલીવાળી જગ્યાએ મકાન ભાડે મેળવવામાં મુશ્કેલી પડતી હોવાની સરકારશ્રી સમક્ષ અવારનવાર રજુઆતો થયેલ છે. તેમજ ક્રમાંક (૫) સામે દર્શાવેલ સ્પે.સી.એ.નં. ૧૧૬૫૨/૨૦૦૮માં નામ. હાઇકોર્ટે તેમના તા.૧૮-૧૧-૦૮ના ઓરલ ઓર્ડરથી પીટીશનરને સાંભળવા તથા પીટીશનરની રજુઆત પરત્વે નિર્ણય લેવા આદેશ કરેલ છે. તેથી વાલ્મીકી સમાજના શિક્ષકો/વિદ્યાસહાયકોને બદલી અંગેની બાબતમાં અગ્રતા આપવા અંગે સંદર્ભમાં ઉલ્લેખેલ તા.૪-૬-૨૦૦૪ તથા તા.૧-૪-૨૦૦૮ના ઠરાવોમાં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

"તા.૪-૬-૨૦૦૪ના ઠરાવના ફકરા (૧) (ચ) અને ફકરા(૭) (૧૦) તથા તા.૧-૪-૨૦૦૮માં જયાં જયાં 'વિધવા' અને 'અપંગ' કેટેગરીનો ઉલ્લેખ છે ત્યાં ત્યાં 'વાલ્મીકી સમાજના સભ્ય ' એવા શબ્દો (કેટેગરી) ઉમેરવામાં આવે છે".

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.બી. વાઘેલા)**
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
  - તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
  - તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
  - સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગની સર્વે શાખા
- સિલેક્ટ ફાઇલ.